For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ભાગ મિલ્ખા ભાગ

તાપી ભવનમાં 12 ટકા કર્મચારી મોડા આવે છે તો કેટલાક યુનિફોર્મ વગર

# પાલિકાના લેટ લતીફોને લપડાક

**સવારે 10 કલાકે વિજિલન્સનું તાપી ભવનના ગેટ પર ચેકિંગ**

**ચેકિંગના પગલે અમુક કર્મચારીઓ ભાગી ગયાને રજા મૂકી દીધી**

**કેમેરો જોઇને જ પાલિકાના કર્મચારીઓ નાસી છૂટ્યા**

સુરતઃ સુરત મહાનગરપાલિકાના મુખ્યાલય તાપી ભવન ખાતે ફરજ બજાવતા કર્મચારીઓમાં કોણ સમયસર નથી આવતું તે મુદ્દે આજે મનપા કમિશનરના આદેશથી વિજીલન્સ વિભાગે અચાકન ચેકીંગ કરતા દોડધામ મચી જવા પામી હતી. સવારે 10 વાગ્યે વિજીલન્સ વિભાગની ટીમે તાપી ભવનના તમામ ગેટ બંધ કરી મુખ્ય ગેટ પર મોડા આવેલા કર્મચારીઓને દબોચ્યા હતા. તાપી ભવન ખાતે અંદાજે 700 કર્મચારીઓ ફરજ બજાવે છે તે પૈકી 85 કર્મચારીઓ પકડાયા હતા. જેમાં



...અનુસંધાન પાના 9 પર

### ચેકિંગ ટીમે ઓફિસમાં ખાલી ખુરશીના પણ ફોટા પાડી લીધા

આ સરપ્રાઈઝ ચેકિંગને પગલે કામચોર અને લેટ લતીફ કર્મચારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. દરમિયાન ચેકીંગ ટીમ દ્વારા તાપી ભવનની ઓફીસોની

...અનુસંધાન પાના 9 પર

### મોડા આવતા કર્મચારીનાં સ્કૂલનાં બાળકો જેવા બહાનાં

- ટ્રાફિક જામ છે
- ગાડીમાં પંચર હતુ
- ઘરે ગણપતિની પૂજા હતી







**આ રીતે શિક્ષાત્મક કાર્યવાહી થાય છે**

1. પ્રથમ તબક્કે મેમો આપવામાં આવે છે
2. બીજી વખત થાય તો ગેરહાજરી ગણાય છે
3. વારંવાર થાય તો શિક્ષાત્મક પગલાં લેવાઇ છે

# રોકડાની વ્યવસ્થા કરી દેજો, બેંકોમાં હડતાળ પડવાની છે

**28, 29 અને 30 સપ્ટેમ્બરે દેશવ્યાપી હડતાળ હોવાથી બેંકોએ ગ્રાહકોને મેસેજ મોકલાયા**

**ATM, અન્ય ડિજિટલ બેંકિંગ સેવાઓ તથા BC પોઈન્ટ્સનો ઉપયોગ કરવા અપીલ**

સુરતઃ બેંક કર્મચારીઓ અને અધિકારીઓના સંગઠન યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (UFBU) દ્વારા વિવિધ પડતર માંગણીઓને લઈને તબક્કાવાર આંદોલનનું એલાન કરવામાં આવ્યું છે. તેના ભાગરૂપે આગામી 28, 29 અને 30 સપ્ટેમ્બર, 2026ના રોજ ત્રણ દિવસની અખિલ ભારતીય બેંક હડતાળ યોજાશે. ત્યારબાદ માંગણીઓનું નિરાકરણ નહીં આવે તો 26 ઓક્ટોબરથી અનિશ્ચિત મુદ્દતની હડતાળનું એલાન કરવામાં આવ્યું છે.

સળંગ ત્રણ દિવસ બેંકો બંધ રહેવાની શક્યતાને પગલે રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા ગ્રાહકોને બેંકિંગ વ્યવહારોમાં વિક્ષેપ અંગે સંદેશ મોકલવામાં આવ્યા છે. ગ્રાહકોને અગાઉથી જરૂરી રોકડ રકમની વ્યવસ્થા કરી લેવા તેમજ હડતાળ દરમિયાન ATM, ડિજિટલ બેંકિંગ સેવાઓ અને BC પોઈન્ટ્સનો ઉપયોગ કરવાની અપીલ કરવામાં આવી છે.

UFBUની મુખ્ય માંગમાં સોમવારથી શુક્રવાર સુધી પાંચ દિવસની બેંકિંગ વ્યવસ્થા તાત્કાલિક અમલમાં મૂકવી અને સરકાર દ્વારા અમલમાં મુકાયેલી હોવાનું જણાવાતી પરફોર્મન્સ લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) વ્યવસ્થામાં ફેરફારનો સમાવેશ થાય છે. UFBUના જણાવ્યા મુજબ 8 માર્ચ 2024ના 12મા દ્વિપક્ષીય વેતન સમાધાન અને 9મી સંયુક્ત નોંધમાં પાંચ દિવસની બેંકિંગ વ્યવસ્થા અંગે સંમતિ થઈ હતી. સાપ્તાહિક કામકાજના કલાકો જાળવવા માટે દરરોજ 40 મિનિટનો વધારાનો કાર્યકાળ રાખવાની ભલામણ પણ કરવામાં આવી હતી. આ ભલામણ સરકારને મોકલાયા બાદ બે વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં નિર્ણય નહીં લેવાતા યુનિયનોએ નારાજગી વ્યક્ત કરી છે.

PLI મુદ્દે UFBUનો મુખ્ય વાંધો સ્કેલ-IV અને તેનાથી ઉપરના અધિકારીઓ માટે અલગ માળખું

...અનુસંધાન પાના 9 પર

# નામ 'એ-વન' બિરયાની પણ શાકભાજી પર ઉંદર દોડતાં હતાં

**પાંડેસરાની** એ-વન બિરયાનીમાં અગાઉથી બાફીને રાખેલા ચોખાનો નાશ કરાયો

**સડેલા** કાંદા અને બગડેલી શાકભાજી મળતાં 10 હજારનો દંડ કરાયો




સુરતઃ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અને ફૂડ વિભાગે પાંડેસરા વિસ્તારમાં ધમધમતા 'એ વન શાલીમાર બિરયાની' સેન્ટર પર ચેકીંગ કર્યું હતું. આ તપાસ દરમિયાન સ્થળ પર જોવા મળેલી અતિશય અસ્વચ્છતા અને ગંભીર બેદરકારીના દ્રશ્યો જોઈને અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. રસોડામાં રાખવામાં આવેલા શાકભાજીના ઢગલા પર ઉંદરો ખુલ્લેઆમ દોડાદોડી કરી રહ્યા હતા, તેમજ પરિસરમાંથી સડેલા કાંદા અને બગડેલી શાકભાજીનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આ ઉપરાંત, ગ્રાહકોને પીરસવા માટે અગાઉથી બાફીને રાખવામાં આવેલા વાસી ચોખા પણ સ્થળ પરથી પકડાયા હતા.


જાહેર આરોગ્ય માટે અત્યંત જોખમી એવી આ સ્થિતિને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગની ટીમે તાત્કાલિક પગલાં ભર્યા હતા. સ્થળ પરથી મળી આવેલા સડેલા શાકભાજી, દૂષિત મસાલા અને વાસી અન્નના જથ્થાનો કચરાપેટીમાં નિકાલ કરીને તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. ખાદ્ય પદાર્થોની જાળવણીમાં દાખવવામાં આવેલી ગંભીર લાપરવાહી અને સ્વચ્છતાના નિયમોના ભંગ

...અનુસંધાન પાના 9 પર

# આખરે મનપાને રાજમાર્ગ-કાદરશાની નાળનાં દબાણો દેખાયાં, હવે ગુનો નોંધાશે

**દુકાન** બહાર સ્ટેચ્યુ અને માલસામાન મૂકી દબાણ કરનાર સામે મનપા ત્રાટકી

**રહેવાસીઓની** ફરિયાદ બાદ સેન્ટ્રલ ઝોનની તાત્કાલિક કાર્યવાહી



સુરતઃ શહેરના રાજમાર્ગ અને કાદરશાહની નાળ સહિતના જાહેર માર્ગો તથા ફૂટપાથ પર દુકાનદારો દ્વારા સ્ટેચ્યુ, માલસામાન અને અન્ય વસ્તુઓ મૂકી કરાતા દબાણ સામે સુરત મહાનગરપાલિકાએ કાર્યવાહી શરૂ કરી છે. રાજમાર્ગ પર દુકાનો બહાર સ્ટેચ્યુ મૂકીને જાહેર માર્ગ પર દબાણ કરવામાં આવતું હોવાની સ્થાનિક રહીશોની ફરિયાદ બાદ સેન્ટ્રલ ઝોનના દબાણ વિભાગે તાત્કાલિક કાર્યવાહી કરી દબાણ દૂર કરાવ્યું હતું. સાથે જ કાદરશાહની નાળ વિસ્તારમાં પણ જાહેર માર્ગ પરના દબાણો હટાવવામાં આવ્યા હતા.

રાજમાર્ગને દબાણમુક્ત બનાવવાની કામગીરી વચ્ચે દુકાનદારો અને લારીધારકો દ્વારા ફરીથી ફૂટપાથ તથા રસ્તા પર દબાણ કરવામાં આવતું હોવાની ફરિયાદો ઊઠી હતી. દબાણના કારણે રાહદારીઓને ફૂટપાથ છોડીને રસ્તા પર ચાલવાની ફરજ પડતી હતી. સિનિયર સિટિઝનો સહિત રાહદારીઓની મુશ્કેલી વધતી હતી, જ્યારે રસ્તા પર મુકાયેલા સ્ટેચ્યુ અને માલસામાનને કારણે વાહનચાલકો માટે પણ અવરજવરમાં અડચણ ઊભી થતી હતી. બેગમપુરા, રાણા શેરી, ચેવલી શેરી, આમલી

...અનુસંધાન પાના 9 પર

# 7 વર્ષ બાદ ઉકાઈ ડેમ સંપૂર્ણ નહીં ભરાયો

**જળસપાટી** 337.86 ફૂટે અટકી, રૂલ લેવલથી 7.14 ફૂટ નીચે

**ઉકાઈ** ડેમ 81.63 ટકા ભરાઇ ગયો, હવે ઉપરવાસના વરસાદ પર નજર

સુરત : ઉકાઈ ડેમના ઉપરવાસમાં આ સિઝનમાં વરસાદનો સમયગાળો ટૂંકો રહ્યો છે અને કુલ વરસાદ પણ અપેક્ષા કરતાં ઓછો નોંધાયો છે. તેમ છતાં, ઉપરવાસમાંથી તબક્કાવાર થયેલી પાણીની આવકને કારણે ઉકાઈ ડેમની સપાટીમાં ધીમે ધીમે વધારો નોંધાયો છે. હાલ ડેમમાં 5493.31 MCM પાણીનો સંગ્રહ છે અને ડેમ તેની કુલ સંગ્રહ ક્ષમતાના 81.63 ટકા જેટલો ભરાઈ ગયો છે.

છેલ્લા એક અઠવાડિયાથી વધુ સમયથી ડેમમાં પાણીની આવક અને જાવકમાં ખાસ ફેરફાર જોવા મળ્યો નથી. બંને આશરે 800 ક્યુસેકની આસપાસ સ્થિર રહેતાં પાણીની આવક અને જાવક લગભગ સંતુલિત

...અનુસંધાન પાના 9 પર

### સિઝનના અંતિમ તબક્કામાં હવે વરસાદ મહત્ત્વનો

ઉકાઈ ડેમમાં હાલ 81.63 ટકા પાણીનો સંગ્રહ હોવાથી સ્થિતિ અગાઉની સરખામણીએ સંતોષકારક છે. જોકે ડેમને રૂલ લેવલ સુધી લઈ જવા માટે ઉપરવાસમાં વરસાદ મહત્વનો બની રહે છે. જો આગામી દિવસોમાં ઉપરવાસમાં સારો વરસાદ થાય તો ડેમમાં આવક વધવાની સાથે સપાટીમાં ફરી વધારો થઈ શકે છે.

# 2027માં વાપી-સુરત વચ્ચે દોડશે બુલેટ ટ્રેન!



**રેલમંત્રી** અશ્વિની વૈષ્ણવની મોટી જાહેરાત, ડિસેમ્બર-2026 સુધીમાં વાપી-સુરત સેક્શન તૈયાર કરી 2027માં દેશની પહેલી બુલેટ ટ્રેન દોડાવવાનો લક્ષ્યાંક

**ટ્રેનના** કાર બોડી અને બોગીનું નિર્માણ પૂરજોશમાં, BKC-થાણે અંડરસી ટનલમાં બંને TBM ઇન્સ્ટોલ

સુરતઃ દક્ષિણ ગુજરાતવાસીઓ માટે ખુશીના સમાચાર છે. દેશની પહેલી બુલેટ ટ્રેન સૌપ્રથમ વાપી-સુરત વચ્ચે દોડશે. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કોરિડોરની પ્રગતિ અંગે મોટી જાહેરાત કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં બની રહેલા આ ડ્રીમ પ્રોજેક્ટનું કામ હવે અંતિમ તબક્કામાં છે. રેલમંત્રીએ જણાવ્યું કે, ગુજરાતમાં આવતા બુલેટ ટ્રેનના પહેલા સેક્શન એટલે કે સુરત-બિલીમોરા-વાપી સેક્શનનું સિવિલ બાંધકામ આ વર્ષે ડિસેમ્બર 2026 સુધીમાં 100% પૂર્ણ કરી દેવામાં આવશે.

### બુલેટ ટ્રેનમાં હવે નહીં લાગે આંચકા, આવી રહી છે જાપાનીઝ ટેક્નોલોજી

**મુંબઈ-**અમદાવાદ કોરિડોરમાં પહેલીવાર મૂવેબલ ક્રોસિંગ અને ડ્યુઅલ પોઈન્ટ મશીન સિસ્ટમનો ઉપયોગ



સુરતઃ ભારતીય રેલવેમાં પહેલીવાર મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ બુલેટ ટ્રેન કોરિડોરમાં અત્યાધુનિક મૂવેબલ ક્રોસિંગ એટલે કે સ્વિંગ-નોઝ ક્રોસિંગવાળા ટર્નઆઉટ્સ લગાવવામાં આવી રહ્યા છે. 320 કિમી પ્રતિ કલાકની ડિઝાઈન સ્પીડ પર સલામત અને આરામદાયક મુસાફરી માટે આ ટેક્નોલોજી ખૂબ જરૂરી છે.

**ફિક્સ્ડ ક્રોસિંગમાં શું તકલીફ હતી?**

પરંપરાગત રેલવેમાં ફિક્સ્ડ ક્રોસિંગમાં 'ક્રોસિંગ નોઝ ગેપ' હોય છે. 250-300 કિમીની ઝડપે આ ગેપના કારણે ભારે આંચકા, કંપન, અવાજ અને વ્હીલનું ઘસારો વધે છે. સાથે જ ટ્રેનના પાટા પરથી ઉતરી જવાનું જોખમ પણ રહે છે.

**મૂવેબલ ક્રોસિંગના ફાયદા**

નવી સિસ્ટમમાં ક્રોસિંગ નોઝ સ્વિચ રેલ સાથે સુમેળમાં ખસે છે, જેથી વ્હીલને સતત અને ગેપ-રહિત રેલ મળી રહે છે. તેનાથી ડાયનેમિક ઈમ્પેક્ટ ઘટે છે, કોચમાં અવાજ અને કંપન ઓછું થાય છે, પાર્ટ્સનો ઘસારો ઘટે છે અને સલામતી વધે છે.

### ઇચ્છાપોરમાં મોડી રાત્રે કાપડના ખાતામાં આગ ભડકી

સુરતઃ શહેરના ઈચ્છાપોર વિસ્તારમાં આરજેડીની બાજુમાં આવેલા કાપડના ખાતામાં મોડી રાત્રે અચાનક આગ લાગતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ખાસ કરીને આગની નજીક જ વીજ ટ્રાન્સફોર્મર આવેલું હોવાથી આસપાસના લોકોમાં ભય ફેલાયો હતો.

ફાયર વિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ઈચ્છાપોર આરજેડી ટેક્સ્ટાઈલ પાર્કની બાજુમાં સાયન ટેક્સ્ટાઈલ પાર્ક નામનું કાપડનું ખાતું છે. દરમિયાન ગત રાત્રે અચાનક આગ ભડકી ઊઠી હતી અને ગ્રાઉન્ડ ફ્લોર પર રાખવામાં આવેલા કાપડના જથ્થામાં આગ પકડાઈ ગઈ હતી. આગના કારણે હાજર કારીગરોમાં નાસભાગ મચી ગઈ હતી. રાત્રે આશરે 11.37 કલાકે ફાયર કંટ્રોલને કોલ મળતા જ બે ફાયર સ્ટેશનોથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. ફાયરની ટીમે સમયસૂચકતા ગણતરીની મિનિટોમાં જ આગ પર કાબૂ મેળવી લીધો હતો અને વધુ પ્રસરતા અટકાવી લેવામાં આવી હતી. આગમાં કાપડનો

...અનુસંધાન પાના 9 પર

# આ વિસર્જનમાં AI કેમેરા, ડ્રોનથી રૂટ પર નજર રખાશે

**ઇનચાર્જ** સીપી વબાંગ ઝમીર ના માર્ગદર્શન હેઠળ જેસીપી અને ડીસીપી સમક્ષ ફ્લેગ માર્ચ



સુરતઃ સુરત શહેરમાં ગણેશોત્સવની ધામધૂમ પૂર્વક ઉજવણી વચ્ચે હવે આગામી ગણપતિ વિસર્જન પર્વ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે સુરત શહેર પોલીસ તંત્ર પૂરેપૂરું એક્શન મોડમાં આવી ગયું છે. વિસર્જનના દિવસે હજારોની સંખ્યામાં શ્રીજીની મૂર્તિઓનું વિસર્જન થનાર હોય, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ વિસર્જન માર્ગો પર કોઈ અપ્રિય ઘટના ન ઘટે તે માટે શહેર પોલીસે આખા શહેરને સુરક્ષાના ચુસ્ત ઘેરાવમાં લઈ લીધું છે.

ઇન્ચાર્જ પોલીસ કમિશનર વાબંગ જામીરના સીધા માર્ગદર્શન હેઠળ સંવેદનશીલ વિસ્તારોમાં મેગા ફ્લેગ માર્ચ, આકાશી ડ્રોન સર્વેલન્સ અને હાઇટેક મોનિટરિંગ હાથ ધરવામાં આવ્યું છે. સંયુક્ત પોલીસ કમિશનર ડો. કરણરાજ વાઘેલાની આગેવાની હેઠળ ક્રાઇમ બ્રાન્ચ, એસઓજી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને જવાનોનો વિશાળ કાફલો સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી અર્થે રસ્તા પર ઊતર્યો હતો. શહેરના અતિ સંવેદનશીલ ગણાતા કોટ વિસ્તારમાં આવેલા સલાબતપુરા, બેગમપુરા, દારૂખાના રોડ, રૂવાલાનો ટેકરો અને ભાગળ ચાર રસ્તાથી લઈને છેક ચોકબજાર સુધી પોલીસ કાફલાએ સઘન ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. પ્રજાજનોમાં સુરક્ષા અને વિશ્વાસની ભાવના મજબૂત થાય અને અસામાજિક તત્ત્વોમાં કાયદાનો ભય પેદા થાય તે હેતુથી આખી સરઘસી કવાયત હાથ ધરાઈ હતી. જમીની સ્તર પર ફ્લેગ માર્ચની સાથે આકાશી સુરક્ષા માટે સમગ્ર વિસર્જન રૂટ પર અત્યાધુનિક ડ્રોન કેમેરા ઉડાડીને સાંકડી ગલીઓ, મકાનોની ધાબાઓની સ્થિતિ અને ભીડભાડવાળી જગ્યાઓનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કંટ્રોલરૂમ ખાતેથી AI (આર્ટિફિશિયલ

...અનુસંધાન પાના 9 પર

# મોટા વરાછાના વિદ્યાર્થી આપઘાત કેસમાં બે ઝડપાયા

**ભાડે** લીધેલી કારની નુકસાનીનાં નાણાં મુદ્દે માનસિક ત્રાસ આપતા હતા

સુરતઃ મોટા વરાછા વિસ્તારમાં ભાડે લીધેલી કારના નુકસાનીના નાણાં મુદ્દે સતત માનસિક ત્રાસ આપી ૧૫ વર્ષીય વિદ્યાર્થીને આત્મહત્યા કરવા મજબૂર કરવાના ચકચારી કેસમાં સરથાણા પોલીસે ત્વરિત કાર્યવાહી કરી છે. માસૂમ કિશોરને ઢોલ-ધપાટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી આપઘાતની દુષ્પ્રેરણા આપવાના આ ગુનામાં સંડોવાયેલા એક કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરને ડિટેઈન કરવામાં આવ્યો છે, જ્યારે અન્ય એક મુખ્ય આરોપીને પકડી પાડી કાયદેસરની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સરથાણા પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ નાના વરાછામાં રહેતા અને સરદાર સ્કૂલમાં ધોરણ-૧૦ માં અભ્યાસ કરતાં ૧૫ વર્ષીય વીર લાલજીભાઈ ઢોલરીયાએ અનાજમાં નાખવાની ઝેરી દવા પીને જીવન ટૂંકાવી લીધું હતું. ભાડે લીધેલી સ્વિફ્ટ કારના અકસ્માતમાં થયેલા નુકસાનની રકમ કટકે-કટકે ચૂકવી દીધી હોવા છતાં, આરોપીઓ દ્વારા તેને અવારનવાર ગાળો આપી, માર મારી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી

...અનુસંધાન પાના 9 પર



॥ તૃતીય પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલી ॥

ત્રીજું વર્ષ પણ વીતી ગયું તમારી વિદાયનું,
પણ તમારી યાદો આજે પણ તાજી છે.
તમારી શીખ અને પ્રેમ સદાય અમારી સાથે રહેશે,
જીવનના દરેક પગલે તમારી ખોટ વર્તાય છે.
તમે અમારા હૃદયમાં અમર છો,
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે.
ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

સ્વ. હેમંતભાઈ ધીરજલાલ કઠિયારી
સ્વ. તા. ૨૩/૦૯/૨૦૨૩

લિ.
ગ.સ્વ. ગીતાબેન હેમંતભાઈ કઠિયારી
હેમાંગ જયેશભાઈ શાહ (જમાઈ) ડિમ્પલ હેમાંગ શાહ (પુત્રી)
કેયાન હેમાંગ શાહ (પૌત્ર) સુપ્રિતા હેમંતભાઈ કઠિયારી (પુત્રી)

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- |
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- | --- |
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



॥ લાડકવાયી નાની બહેનને અશ્રુભીની શ્રધ્ધાંજલિ ॥

સ્વ. માલતીબેન કનૈયાભાઈ જરીવાળા
જન્મ તા. ૨૭/૦૯/૧૯૭૦ – સ્વ. તા. ૨૧/૦૯/૨૦૨૬

મારી લાડકી નાની બહેન અને મારા પરમ મિત્રની અર્ધાંગીની, સદા સુહાગન, અ.સૌ. માલતીબેન કનૈયાભાઈ જરીવાળા નું અકાળે અવસાન થયેલ છે. મને દુ:ખ છે કે તે બિમાર હોવા છતાં અતિવ્યસવ્યસ્તતાને કારણે હું તેના ખબરઅંતર પુછવા તેની પાસે જઈ શક્યો નહીં. જેનાથી હું અને મારો પરિવાર ખૂબજ વ્યથિત છીએ. અ.સૌ. સ્વ. માલતીબેન તેમના અવસાન બાદ તેમની પાછળ ભર્યોપુરો મસ્ત મોટો પરિવાર મુકી ગયા છે. તેમના આકિસ્મક અવસાનથી આવી પડેલા આઘાતને સહન કરવાની પ્રભુ તેમના પરિવારને સહન શકિત આપે તેવી પ્રાર્થના.. પરમકૃપાળુ પરમાત્મા તેમના પુણ્ય આત્માને શાંતિ અર્પે અને મોક્ષ આપે તેવી અભ્યર્થના.

લિ.
દીપક ધીરૂભાઈ ઈજારદાર (ભાઈ) | ધ્યેય દીપકભાઈ ઈજારદાર (ભત્રીજો)

'ભકિતધામ', પોસ્ટ ઓફિસની બાજુમાં, સુલતાનાબાદ, ડુમસ, સુરત.



દુ:ખદ અવસાન – બેસણું

સ્વ. માલતીબેન કનૈયાભાઈ જરીવાળા
જન્મ તા. ૨૭/૦૯/૧૯૭૦ સ્વ. તા. ૨૧/૦૯/૨૦૨૬

અત્યંત દિલગીરી સહ જણાવવાનું કે મારા ધર્મપત્નિ / ભાભી / માતૃશ્રી માલતીબેન કનૈયાભાઈ જરીવાળા નું સોમવાર તા. ૨૧/૦૯/૨૦૨૬ ના રોજ દુ:ખદ અવસાન થયું છે. પ્રભુ સદ્દગતની દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

બેસણું તારીખ : ૨૩/૦૯/૨૦૨૬, બુધવાર, સમય : સવારે ૯:૦૦ વાગ્યે
સરનામું : ૮/૧૫૨, ગોપીપુરા, હનુમાન મંદિર પાસે, સંઘાડિયાવાડ, સુરત.

લિ. કનૈયાભાઈ સુભાષચંદ્ર (ભાઈદાસ) જરીવાળા (પતિ)
જીતુભાઈ સુભાષચંદ્ર (ભાઈદાસ) જરીવાળા (ભાઈ)

(પુત્રવધુ-પુત્ર) પ્રિયંકા - ચિત્રાંગ કનૈયાભાઈ જરીવાળા
(પુત્રી-જમાઈ) અંકિતા પ્રશાંતકુમાર જરીવાળા, નેન્સી સંજયકુમાર લાપસીવાળા
(બેન-બનેવી) અમિતા મહેશભાઈ બાદલાવાળા, ભારતી દિનેશચંદ્ર મહારાજવાળા
(ભત્રીજા) હેમિન્સ જીતુભાઈ જરીવાળા, ટેકિલ્સ જીતુભાઈ જરીવાળા

તથા સમસ્ત ભાઈચંદભાઈ જગજીવનદાસ જરીવાળા પરિવાર